GJRJ180002152026

Presented on : 29-04-2026
Registered on : 29-04-2026
Decided on : 10-06-2026
Duration : 0 year, 1 months, 12 days

**મે. મજૂર અદાલત, રાજકોટના એકસ ઓફિસીઓ કમિશ્નર ફોર**
**ધી વ. કો. એકટ શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ.**

**વ.કો.એગ્રીમેન્ટ કેસ નં. : ૫૪/૨૦૨૬**

**આંક–૧૩**

**અરજદાર :–** **VINOD GIRI RAMDEV GIRI,**
KARANPURA, DIST: SARAN,
BIHAR 841 414.

**વિરૂધ્ધ**

**સામાવાળાઓ :–** (૧) **સનવર્લ્ડ વીટ્રીફાઈડ પ્રા.લી.,**
**ઠે.** ૮ એ નેશનલ હાઈવે, જુના ઘુંટુ રોડ,
જી.મોરબી–૩૬૩ ૬૪૨

(૨) **બજાજ આલીઆન્ઝ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.,**
**ઠે.** અનંત ધ વર્ક સ્પેસ, ઓફિસ નં.૨૦૨, બીજો માળ, સ્કેચર શો રુમ ઉપર, કાલાવડ રોડ, રાજકોટ.

અરજદાર તરફે **:–** વિ. વ. શ્રી એ.એમ.મુલીયા
સામાવાળા નં.૧ તરફે **:–** જાતે
સામાવાળા નં.૨ તરફે **:–** ગેરહાજર

**–:: ચુ કા દો ::–**

**–: આંક–૧ અને આંક–૦૯ નો સંયુકત હુકમ :–**

(૧) આ કામે અરજદાર સામાવાળા નં. ૧ ને ત્યાં કામદાર તરીકે તેમની ફરજ બજાવતા હતા. તે સમય દરમ્યાન **તા.૧૩/૦૨/૨૦૨૬** નારોજ અરજદારને અકસ્માત થયેલ હતો. સામાવાળા નં.ર વીમા કંપનીએ કામદારના અકસ્માત વળતર પેટે **તા.૧૭/૦૪/૨૦૨૬** નારોજ **રૂા.૭૮,૯૯૩/– (અંકે રૂા. અઠયોતેર હજાર નવસો ત્રાણું પુરા)** નો સ્ટાન્ડર્ડ ચાર્ટર બેંક, પુને ના **ચેક નંબર : ૯૭૪૩૯૮** થી અત્રે ની કોર્ટમા પી.એલ.એ. ખાતામાં જમા કરાવેલ છે. જે કલીયર થઈ આવતા અરજદાર અને એકસ ઓફીસીયો કમીશ્નરશ્રીના નામની ઈંડિયન બેંક, રાજકોટમાં ડીપોઝીટ **રસીદ નંબર – ૦૨૭૩૦૬૫, તા.૦૬/૦૫/૨૦૨૬** થી એક વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે. સદર રકમ કબુલ હોવાનુ અરજદારે **આંક–૧૧** થી બાહેંધરી પુરસીસ હેઠળ જણાવેલ છે. વિશેષમા તેમણે જણાવેલ છે કે અકસ્માત વળતર પેટે તેઓ પેનલ્ટીનો આગ્રહ રાખતા નથી અને તેનો હકક જતો કરેલ છે. ઉપરોકત રકમ તેઓએ સ્વૈચ્છાએ કબુલ મંજુર રાખેલ છે. તેથી એગ્રીમેન્ટ રજીસ્ટરે કરી જમા થયેલ રકમ તેઓને ચુકવી આપવા અરજ કરેલ છે.

(૨) આ કેસની ટુંકમાં હકિકત એવી છે કે આ કામના અરજદાર સામાવાળાની કંપનીમાં નોકરી કરતા હતા દરમ્યાન **તા.૧૩/૦૨/૨૦૨૬** નારોજ અકસ્માત થતા **ડાબા હાથની વચ્ચેની આંગળીમાં ઈજા થયેલ છે.** સામાવાળાએ આંક–૧ની અરજી સાથે ફોર્મ–એલ આંક–૩ થી બે નકલમાં રજુ કરી, વળતરની

રકમ **રૂા.૭૮,૯૯૩/– (અંકે રૂા. અઠયોતેર હજાર નવસો ત્રાણું પુરા)** કોર્ટમાં ડીપોઝીટ કરાવેલા છે અને કરાર નોંધી આપવા અરજ કરેલ અને નીચે મુજબના દસ્તાવેજોની નકલ રજુ કરેલ.

| **આંક/ માર્ક** | **વિગત** |
|---|---|
| ૪/૧ | અરજદારનુ આધારકાર્ડ |
| ૪/૨ | અરજદાર નું વીમા કલેઈમ ફોર્મ |
| ૪/૩ | અરજદારનો મેડીકલ રિપોર્ટ |
| ૪/૪ | અરજદારનું ડિસે–૨૫નું હાજરી તથા પગાર પત્રક |
| ૪/૫ | અરજદારનું જાન્યુ–૨૬નું હાજરી તથા પગાર પત્રક |
| ૪/૬ | અરજદારનું ફેબ્રુ–૨૬નું હાજરી તથા પગાર પત્રક |
| ૪/૭ | સામાવાળા નં.૧નું જી.એસ.ટી. સર્ટીફીકેટ |
| ૪/૮ | સામાવાળા નં.૧નું ઈલેકિટ્રક બીલ |

(૩) આ કામે **આંક–૫** થી ફીકસ ડિપોઝીટ કઢાવવા અંગેનો પત્ર. **આંક–૬** થી ફીકસ ડિપોઝીટની રસીદની નકલ રજુ છે. ત્યાર બાદ **આંક–૭** થી પક્ષકારોને નોટીસ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તેના વિ.વ.શ્રી સાથે હાજર રહી **આંક–૮** થી વકીલપત્ર રજુ રાખી **આંક–૯** થી એગ્રીમેન્ટ નોંધી આપવાની અરજી આપેલ છે અને **આંક–૧૦** થી દસ્તાવેજી લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં **નિ.૧૦ /૧** થી સામાવાળા નં.૧ની નો ઓબ્જેકશન પુરશીસ, **નિ.૧૦/૨** થી અરજદારનું આધારકાર્ડ અને **નિ.૧૦/૩** થી અરજદારનું આયુષ્યમાન કાર્ડ રજુ રાખેલ છે.

(૪) આ કામે સંબધીત જોગવાઈઓ જરૂર પુરતી ધ્યાને લઈએ તો .........

28.Registration of agreements.—(1) Where the amount of any lamp sum payable as compensation has been settled by agreement whether by way of redemption of a half-monthly payment or otherwise, or where any compensation has been so settled as being payable 1 [to a woman, or a person under a legal disability] 2 [***J a memorandum thereof shall be sent by the employer to the Commissioner, who shall, on being satisfied as to its genuineness, record the memorandum in a register in the prescribed manner: Provided that— (a) no such memorandum shall be recorded before seven days after communication by the Commissioner of notice to the parties concerned; 3 [***] (c) the Commissioner may at any rime rectify the register; ઉપરોકત જોગવાઈઓ તથા હાથ ઉપરના કેસની હકીકતો ધ્યાને લેતા, સામાવાળા નં.ર ને નોટીસ બજી ગયેલ છે. પરંતુ તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ ગેરહાજર રહેવાનુ સ્વેચ્છાએ પસંદ કરેલ છે. અરજદાર તરફે **આંક–૧૧** થી બાંહેધરી પુરશીસ અને **આંક–૧ર** થી ગણતરી પુરશીસ રજુ રાખેલ છે. તેમજ સામાવાળા સંસ્થા તર્ફે **નિ.૧૦/૧** થી નો ઓબ્જેકશન પુરશીસ રજુ રાખેલ છે. વધુમાં **આંક–૯** ની અરજીમાં અરજદારે વળતરની રકમની ઉપરનું **વ્યાજ એકી સાથે** આપવા અરજ કરેલ છે.

(પ) આ કામે ઉપરની હકીકતો ધ્યાને લેતા અરજદારને થયેલ અકસ્માત વળતર અંગે પક્ષકારો વચ્ચે થયેલ એગ્રીમેન્ટ પેટે રકમની ચુકવણી સામે સામાવાળા સંસ્થાને વાંધો નથી તેમજ સામા. નં. ર વીમાકંપની એ જમા કરાવેલ રકમ **રૂા.૭૮,૯૯૩/– (અંકે રૂા. અઠયોતેર હજાર નવસો ત્રાણું પુરા)** મેળવવા અરજદારે અરજી કરેલ છે. જે સંદર્ભે કલમ–૪ મુજબ જે ગણતરી કરવામાં આવેલી છે તેને નજર સમક્ષ રાખતા અરજદારની **ઉંમર–૪૩** વર્ષને લગત

**ફેકટર ૧૭૫.૫૪** તથા **ખોડ ૫ %** તથા માસિક પગાર **રૂા.૧૫,૦૦૦/–** ધ્યાને લેતા જમાં થયેલ વળતરની રકમ યોગ્ય જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ફર્સ્ટ અપીલ નં. ૩૮૩૦/૨૦૦૬ ની દિ.૫.અ.નં. ૧૧૭૦૬/૨૦૦૬ થી ફર્સ્ટ અપીલ નં .૩૮૪૦/૨૦૦૬ ની દિ. ૫. અ.નં. ૧૧૭૧૬/૨૦૦૬, ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લી. વિરુધ્ધ નરસીંહ ડી. હરીજન, (સોલંકી) ના કામે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા ગાઈડલાઈન્સ જેમાં નોંધેલ છે કે, Commissioner for Workmen Compensation shall order for deposit of at least 85% amount of compensation awarded (inclusive of penalty and interest) in long-term Fixed Deposits in any Nationalised Bank and as far as possible in State Bank of India with a provision that the claimant/s shall be entitled to a periodical monthly/quarterly interests on such Fixed Deposit.' તે સંજોગોમા આ એગ્રીમેન્ટ રજીસ્ટર્ડ કરવામા આવે છે અને નીચેની વિગતે જમા થયેલ રકમ **રૂા.૭૮,૯૯૩/– (અંકે રૂા. અઠયોતેર હજાર નવસો ત્રાણું પુરા)** અરજદારને ચુકવી આપવાનુ ન્યાયના વિશાળ હિતમાં ઠરાવવામા આવે છે.

**–: હુકમ :–**

૧. આ કરારનામાની નોંધણી કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા નં.૨ ધ્વારા વળતર પેટે જમા કરવામાં આવેલ રકમ **રૂા.૭૮,૯૯૩/– (અંકે રૂા. અઠયોતેર હજાર નવસો ત્રાણું પુરા)** પૈકી **રૂા.૧૧,૯૯૩/–(અંકે રૂા.અગીયાર હજાર નવસો ત્રાણું પુરા)** તથા અત્યાર સુધીનું જમાં થયેલ વ્યાજની રકમ એકાઉન્ટ પે ના ચેકથી

અરજદારને તેમની યોગ્ય ઓળખ લઈ ચુકવી આપવા અને બાકી રહેતી રકમ **રૂ.૬૭,૦૦૦/-(અંકે રૂા. સડસઠ હજાર પુરા)** અરજદાર તથા કામદાર વળતર અધિનિયમ હેઠળના કમીશ્નર, રાજકોટના સયુંકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમા **પાંચ વર્ષ** માટે ફીકસ ડીપોઝીટ કરવી અને તે રકમ ઉપર ઉપજતું વ્યાજ અરજદારને **એકી સાથે વ્યાજ** આપવું તેમ ઠરાવવામાં આવે છે.

૩. સદર રાષ્ટ્રીયકૃત બેંકે, બેંકમા ફીકસ ડીપોઝીટ થયેલ રકમ અરજદાર તથા કામદાર વળતર અધિનિયમ હેઠળના કમીશ્નર, રાજકોટના જોઈન્ટ નામે ફીકસ ડીપોઝીટ કરવાની રહેશે તેમજ તે રકમ ઉપર સદરહું કમીશ્નરશ્રીની પરવાનગી વગર કોઈપણ જાતની લોન કે એડવાન્સ વગેરે આપવા નહી.

૪. બેંકે રકમ ડીપોઝીટ થયાના દિન-૩૦ માં અસલ રસીદ અત્રેની કચેરીમાં જમાં કરાવવાની રહેશે. જેની ખરી નકલ અત્રે રાખી અસલ રસીદ સંબંધિત અરજદારને સોંપવાની રહેશે.

**હુકમ આજરોજ તા. ૧૦ – ૦૬ – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : મોરબી.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એકસ ઓફિસીઓ કમિશ્નર**
**ફોર ધી વ. કો. એકટ, એન્ડ જજ,**
**સીટીંગ મજુર અદાલત, મોરબી.**

તારીખ : ૧૦/ ૦૬ / ૨૦૨૬

VDJ